ધોળે દિવસે રૂ. ૭.૯૦ લાખ ભરેલી બેગની ચિલઝડપ

પ્રાથમિક શાળાના આચાર્ય ક્રેડિટ સોસાયટીમાંથી મંજુર થયેલી લોનનો ચેક એડીસી બેકમાં વટાવવા ગયા હતા : રૂપિયા થેલીમાં ભરીને બાઈકમાં નિકળ્યા ને પલ્સર પર આવેલા બે શખ્સો બેગ સરકાવી ગયા

ગાંધીનગર, તા.૪

દહેગામ ખાતેની કલ્યાણજીના મુવાડામાં સ્થિત પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા આચાર્ય તેમના મિત્ર સાથે બાઈકમાં લોનના રૂપિયા લેવા દહેગામ એ.ડી.સી. બેંકમાં ગયા હતા. ત્યાંથી રૂ. ૭.૯૦ લાખ રોકડા ઉપાડીને બાઈક પર નિકળ્યા... પોણા એક વાગ્યે તુલસી રેસ્ટોરન્ટ નીચે બાઈક પાર્ક કરીને જમવા ગયા અને નીચે ઉતર્યા ત્યાં સુધીમાં તેમના બાઈકનું કોઈએ પંચર કરી નાખ્યું હતું. ધક્કો મારીને તે બંને મિત્રો નિકળ્યા તે દરમિયાન પલ્સર બાઈક પર આવેલા બે યુવાન શખ્સો તેમની નજીક આવ્યા અને રૂપિયા ભરેલી થેલી આંચકી લઈને નરોડા તરફ બાઈક ભગાવ્યું હતું. આચાર્યએ તેમના હાથમાં રહેલી ટીફીન પણ માર્યું અને બુમાબુમ કરતાં આસપાસના લોકો પણ દોડી આવ્યા તથા તેનો પીછો કર્યો પરંતુ હાથ લાગ્યા ન હતા. કોઈ જાણભેદુ વ્યક્તિની સંડોવણી આ કેશમાં હોય તેવું પોલીસને લાગી રહ્યું છે. દહેગામ પોલીસે ચિલઝડપનો ગુનો નોંધી સઘન તપાસ શરૂ કરી હતી. ઉલ્લેખનીય છે કે, તે બાઈકમાં ગઠીયાઓએ નંબર પ્લેચ પણ લગાવેલી ન હતી.

સાબરકાંઠા જિલ્લાના દાહોદ તાલુકા ખાતે સ્થિત સલાટપુર ગામમાં રહેતા મહેન્દ્રકુમાર પ્રભુદાસ પટેલ દહેગામ તાલુકાના કલ્યાણજીના મુવાડા ખાતેની પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે સેવા આપી રહ્યા છે. આજે તેઓ તેમના મિત્ર જીતેન્દ્રભાઈ મગનભાઈ પટેલને લઈને બાઈકમાં દહેગામ ખાતે એ.ડી.સી. બેંકમાં ગયા હતા. મંડળીમાંથી મંજુર થઈને આવેલા લોનના ચેકને ત્યાં વટાવ્યો હતો અને લોનના રૂ. ૭.૯૦ લાખ રોકડા એક થેલીમાં મુકીને મહેન્દ્રકુમારે તેમની સાથે રાખી હતી. બેંકમાંથી બહાર નીકળીને તેઓ બાઈક લઈને નહેરૂ ચોકડીથી આગળ નરોડા રોડ પર તુલસી રેસ્ટોરન્ટમાં જમવા બંને મિત્રો ગયા હતા. જમીને બાઈક પાસે ગયા તો તેમના બાઈકને કોઈએ પંચર કરી નાખ્યું હતું. ત્યારથી જ તેમને કાંઈક અજુગતું લાગવા માંડ્યું હતું. બાઈકને ધક્કો મારીને બંને મિત્રો જઈ રહ્યા હતા તે દરમિયાન પલ્સર બાઈક લઈને બે શખ્સો તેમની સામે આવ્યા અને હાથમાંથી રૂપિયા ભરેલી બેગ તફડાવી લઈને ત્યાંથી બેફામ ગતિએ નાસ્યા હતા. મહેન્દ્રકુમારે વૉટરબેગ છુટ્ટી તેમના પર મારી પરંતુ નિશાન ચુકી ગયા હતા. બાઈકનો નંબર નોંધવા પ્લેટ પર નજર નાખી તો નંબર પ્લેટ જ ન હતી. બુમાબુમથી ટોળુ એકઠું થઈ જતાં તે પૈકી એક કાર ચાલક સાથે કારમાં બેસીને તે તરફ પીછો પણ કર્યો પરંતુ ફરાર થઈ ગયેલા બંને શખ્સો હાથ લાગ્યા ન હતા. આ બનાવમાં કોઈ જાણભેદુ વ્યક્તિ દ્વારા ચોરોની માહિતી આપવામાં આવતી હોવાની સંભાવના પોલીસને ઉભી થઈ છે. દહેગામ પોલીસે ગુનો નોંધીને ગઠિયાઓ પકડવા તજવીજ શરૂ કરી છે.

સે. ૨૧ સી.એન.જી. પંપમાં પ્રેશર ડાઉન : એર ફીલીંગની ફરિયાદ

ગાંધીનગર, તા. ૪

શહેરમાં સે. ૨૧ સ્થિત સી.એન.જી. પંપમાં છેલ્લા એક અઠવાડીયાથી પ્રેશર ન હોવાના લીધે વાહનચાલકો તોબા પોકારી ગયા છે. સી.એન.જી. પુરાવવા કાર્સની કતાર લાગે છે. પરંતુ પ્રેશરના અભાવે વાહનચાલકોએ સમય બગાડવાનો વારો આવે છે. બીજીતરફ ઓનલાઈન પંપમાં પણ સી.એન.જી. ગેસના બદલે એર ફીલીંગ વધુ થતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

શહેરમાં હાલની સ્થિતિએ માત્ર બે જ સી.એન.જી. ફીલીંગ સ્ટેશન હોવાથી નાગરિકોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. નવા બે સી.એન.જી. પમ્પ બનાવવાની કામગીરી પૂર્ણતાના આરે છે. સે. ૫નો સી.એન.જી. પમ્પ તૈયાર પણ થઈ ગયો છે. નવનિર્મિત પમ્પ શરૂ થયા બાદ સી.એન.જી. વાહનચાલકોને રાહત થશે. પરંતુ હાલની સ્થિતિએ સી.એન.જી. વાહનચાલકો માટે મુંઝવણરૂપ સ્થિતિ ઉદ્દભવી છે. સે. ૨૧ સ્થિત નિગમ પેટ્રોલપંપમાં કાર્યરત સી.એન.જી. યુનિટમાં છેલ્લા એક સપ્તાહથી પ્રેશર જ હોતું નથી. લાંબો સમય કતારમાં ઉભા રહ્યા બાદ કારમાં સી.એન.જી. ફીલ અપ કરતી વેળાએ માંડ ૨૦૦ થી ૩૦૦ રૂ.નો ગેસ ફીલીંગ થાય છે. જેના પરિણામે વાહનચાલકોમાં પણ આકોશ પ્રવર્ત્યો છે. ઓનલાઈન ફીલીંગ સ્ટેશન હોવા છતાં પ્રેશર ન હોવાના લીધે કારચાલકોએ આકરી ગરમીમાં શેકાઈને સમય બગાડવો પડે છે. બીજીતરફ સી.એન.જી. ફીલીંગ વેળાએ એર પ્રેશર વધારે હોવાથી ગેસના બદલે એર ફીલીંગ વધુ થતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જેના લીધે સી.એન.જી. વાહનચાલકોને પૈસા ચુકવવાની સામે પુરતી માત્રામાં ગેસ ફીલીંગ મળતુ ન હોવાની બૂમરાણ પણ ઉઠવા પામી છે. શહેરમાં માત્ર બે જ સી.એન.જી. પમ્પ કાર્યરત હોવાથી વાહનચાલકોને પુરતા પ્રેશર સાથે સી.એન.જી. ઉપલબ્ધ થાય તે અંગે યોગ્ય તપાસ હાથ ધરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. એકબાજુ સી.એન.જી.ના ભાવમાં પણ વધારો થયો છે ત્યારે ફીલીંગ સ્ટેશન પર પારદર્શકતા ન જળવાતા નાગરિકો રોષે ભરાયા છે.

ગાંધીનગરના સેક્ટર-૩-સી ખાતે રહેતા વિદ્યાર્થી શ્રી હેપ્પી જનકભાઈ સંઘાડિયાને IIM કોલકાતા ખાતે પ્રવેશ મળતા તેમના જ વોર્ડના મ્યુનિસિપલ કોર્પોરેટર શ્રીમતી પરાગી કિલ્લોલ પંડ્યાએ તેઓના ઘરે જઈ તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી.

ત્રણ સંતાનોના પિતા કોઈને કાંઈ કહ્યા વિના ક્યાંક ચાલ્યા ગયા

ચિલોડા, તા. ૪

ગાંધીનગર તાલુકાના મગોડી ગામમાં રહેતા ત્રણ સંતાનોના પિતા રાણા અજીતસિંહ ગાંડાજી તા. ૨જી મે ના રોજ ગામમાં સમૂહ લગ્નોત્સવમાં જમણવાર હતો. ત્યારે આ સમયગાળા દરમ્યાન તેઓ જમીને ઘરે પરત ન આવતાં પરિવારજનોએ તપાસ કરતાં ક્યાંક ચાલ્યા ગયા હોવાનું જાણતા પરિવાર ચિંતામાં મુકાયો છે.

આ અંગે મળતી માહિતી મજુબ મગોડી ગામમાં શુક્રવારના રોજ સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે ગામના અજીતસિંહ ગાંડાજી રાણા (ઉ.વ.૩૭) આ લગ્નોત્સવમાં જમણવારમાં જમવા ગયા હતા. ત્યારબાદ જમીને ૧૨.૩૦ વાગે તેમની પરિવારજનો દ્વારા તપાસ કરતાં ઘરે ના આવતા ઘરે કે જમણવારના મંડપમાં જોવા ન મળતાં મગોડી ગામના આજુબાજુ વિસ્તારમાં કે અન્ય ગામોમાં, સગા-સંબંધીઓના ગરે તપાસ આરંભી હતી. ત્યાં કોઈ પતો ન મળતાં તેમના નાનાભાઈ દિલિપસિંહ ગાંડાજી રાણાએ ગુમ થયા અંગેની જાણવા જોગ જાણ કરી હતી. ગુમ થનાર રાણા અજીતસિંહ શરીરે મધ્યમ બાંધાના રંગે ઘઉંવર્ણ, મોઢું લંબગોળ, ઉંચાઈ ૫.૫ ફૂટ તેમજ વાદળી લાઈનીંગવાલુ શર્ટ, આસમાની કલરનું પેન્ટ પહેરેલ છે. મોઢાના ભાગે જમણી બાજુ કાળા તલનું નિશાન ધરાવે છે. તેઓ ગુજરાતી-હિન્દીભાષા જાણે છે. સદર ત્રણ બાળકોના પિતા કોઈને કહ્યા વિના ક્યાંક ચાલ્યા ગયા અંગેની જાણવા જોગ અરજી ચિલોડા પોલીસ સ્ટેશનમાં નોંધ થતાં આ અંગે વધુ તપાસ હે.કો. કાન્તીભાઈ ડી. રાવળ ચલાવી રહ્યા છે.

જમીન અને પાણી પ્રદૂષણ અંગે નેશનલ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૪

વિનસ ઈન્ટરનેશનલ કોલેજ ઓફ ટેકનોલોજી ભોયણ રાઠોડ, ગાંધીનગર ખાતે તાજેતરમાં જમીન અને પાણી પ્રદુષણ અંગે નેશનલ સેમિનાર યોજાઈ ગયો. સેમિનારમાં જમીન અને પાણી પ્રદુષણની સમસ્યાનો કેવી રીતે નિકાલ કરવો તથા આપણી નવી પેઢીને સારૂ પર્યાવરણ કેવી રીતે પુરુ પાડવું તે અંગે તજજ્ઞ વક્તાઓ દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

'વોટર એન્ડ ગ્રાન્ડ પોલ્યુશન : પ્રિવેન્શન, પ્રોડક્શન, એન્ડ કન્ટ્રોલ' નેશનલ સેમીનાર વિનસ ઈન્ટરનેશનલ કોલેજ ઓફ ટેકનોલોજી, ભોયણ રાઠોડ, ગાંધીનગર ખાતે યોજાયો. આ સેમીનારનું આયોજન સિવિલ ડીપાર્ટમેન્ટ, વિનસ અને ઈન્ડીયન જીઓટેકનીકલ સોસાયટી, અમદાવાદ ચેપ્ટર દ્વારા તથા ગુજકોસ્ટ ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ તથા ટેકનોલોજી, ગુજરાત સરકારના સહયોગ દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે ઋષભભાઈ જૈન, ચેરમેન, વિનસ આ સમારંભના પ્રમુખ હતા. ડૉ. સંદીપ ત્રિવેદી, ચેરમેન આઈ.જી.એસ. અમદાવાદ ચેપ્ટર તથા ડૉ. ગૌતમ ગાંધી, પ્રમુખ, આઈ.જી.એસ., ઈન્ડીયા તથા ડાયરેક્ટર, વિનસ કોલેજ સમારંભ પર હાજર હતા.

સેમીનારનો મુખ્ય હેતુ જમીન તથા પાણી પ્રદુષણની સમસ્યા કેવી રીતે નિકાલ કરવા તથા આપણી નવી પેઢીને સારૂ પર્યાવરણ કેવી રીતે પુરૂ પાડવું તેનો હતો. સમગ્ર સેમિનારમાં મુખ્ય વક્તાશ્રીઓમાં ડૉ. પરીન શાહ, એસોસીએટ પ્રોફેસર, નિરમા યુનિવર્સિટી ડૉ. પરમેશ્વરન, ઉપપ્રમુખ, યુનાઈટેડ ફોસ્ફોરસ લી. વિજય ખત્રાણી, ડેપ્યુટી એએક્ઝીક્યુટીવ એન્જી., જલ સેવા ટ્રેનીંગ સેન્ટર, જી.ડબલ્યુ. એસ.એસ.બી. હાજર હતા. તેમણે તેમની નિપુણતાને યોગ્ય આ ટોપીક પર સેમીનાર પ્રેઝન્ટેશન રજુ કર્યા. આ ઉપરાંત પેપર પ્રેઝન્ટેશન રાખવામાં આવેલ જેમાં એલ.ડી. કોલેજ, પી.ડી.પી.યુ. યુનિવર્સિટી, હસમુખ ગોસ્વામી કોલેજ, હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી તથા વી.પી.એમ.પી. પોલીટેકનીકમાંથી વિદ્યાર્થીઓ તથા પ્રોફેસર હાજર હતા.

આ સેમિનારમાં શ્રોતાગણમાં વિવિધ એન્જીનીયરીંગ કોલેજના પ્રોફેસર, રીસર્ચ સ્કોલર, એમ.ઈ.ના વિદ્યાર્થીઓ, ઈન્સ્ટીટ્યુટ તથા ઈન્ડસ્ટ્રીઝ કન્સલટન્સીમાંથી ૧૨૫ વ્યક્તિઓ હાજર રહ્યા હતા.

આજે વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર દ્વારા સત્સંગ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૪

રમેશભાઈ ઓઝા ભાઈશ્રી પ્રેરિત ગાંધીનગર વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર દ્વારા યોજાતા સતસંગ સંકીર્તનનો કાર્યક્રમ આજે તા. ૫મી સે. ૨૦૧૩ને રવિવારે સાંજે ૫ થી ૬.૩૦ કલાક દરમિયાન સેક્ટર-૨-એ, પ્લોટ નં. ૧૨૧૩/૧, વિજયભાઈ ભટ્ટના નિવાસ સ્થાને રાખવામાં આવ્યો છે. સર્વ ધર્મપ્રેમીજનોને મહેન્દ્રભાઈ રાઠોડે ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

નિઃશુલ્ક એક્યુપ્રેશર અને શિવામ્બુ સારવાર કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની સુશ્રુત આયુર્વેદિક મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલના મસા ભંગદરના નિષ્ણાંત ડો. એકતાબેન પટેલ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે દર સોમવારે સવારે ૯ થી ૧૨ નિઃશુલ્ક એક્યુપ્રેશરની સારવાર હરીભાઈ રાઠોડ આપશે સાથે સાથે શિવામ્બુ સેવનની માહિતી પણ જાણકાર અનુભવી દ્વારા આપવામાં આવશે. આનો જાહેર જનતાને લાભ લેવા ખાસ જણાવ્યું છે.

રસોઈ બનાવતા દાઝી ગયેલી ૨૦ વર્ષીય પરિણીતાનું મોત

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ ઈન્દિરાનગર છાપરા વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષીય પરિણીતા કોમલબેન દશરથભાઈ પટણી ૨૭ એપ્રીલના રોજ પોતાના ઘરે ચુલા પર રોટલા શેકી રહી હતી તે દરમિયાન અચાનક જાળ લાગતા ગંભીર રીતે શરીરે દાઝી જવા પામી હતી. તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવેલી. કોમલની હાલત ગંભીર જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. અઠવાડિયાથી જીવન-મરણ વચ્ચે જોલા ખાઈ રહેલી પરિણીતાનું આજે સવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતું. સે.૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઝુંડાલ કેનામાંથી યુવાનનો તરતો મૃતદેહ મળ્યો

ગાંધીનગર નજીક ઝુંડાલ નર્મદા કેનાલ પાસેથી પેટ્રોલીંગમાં નિકળેલા સિક્યુરીટી સુપરવાઈઝરનું ધ્યાન બપોરે કેનાલમાં તરી રહેલા એક મૃતદેહ પર પડતાં પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. આશરે ૩૫ થી ૪૦ વર્ષની ઉમરના અજાણ્યા યુવાનનો મૃતદેહ કેનાલના પાણીમાંથી બહાર કાઢી અડાલજ પોલીસે તપાસ કરતાં તેની ઓળખ થાયતેવા કોઈ ઓળખ - પુરાવા મળી આવ્યા ન હતા. પોલીસે પોસ્ટમોર્ટમ કરાવી મૃતદેહ કોલ્ડરૂમમાં મુક્યો છે. યુવાનના શરીરે લાલરંગનું ટીશર્ટ પહેરેલું છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ઓળખ માટેની તપાસ શરૂ કરી છે.

શ્રેયશ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ખાતે નિઃશુલ્ક ડ્રોઈંગ અને કેલીગ્રાફીનો વર્કશોપ

ગાંધીનગર, તા. ૪

શ્રેયશ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા શહેરના ધો. ૨ થી ૧૨માં ભણતા વિદ્યાર્થીઓ માટે બે દિવસનો નિઃશુલ્ક ડ્રોઈંગ અને કેલીગ્રાફીના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ખાતેઆગામી ૨૦મી અને ૨૧મી મે, ૨૦૧૩ના રોજ યોજાનાર આ વર્કશોપ સવારના ૯.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન યોજાશે. જેમાં ગાંધીનગર શહેરના ધો. ૨ થી ૧૨માં ભણતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. ડ્રોઈંગ માટે ધો. ૨ થી ધો. ૮ના બાળકો તેમજ કેલીગ્રાફી માટે ધો. ૨ થી ધો. ૧૨ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ માટેના રજીસ્ટ્રેશન ફોર્મ વેબસાઈટ www. shreyasfoundation. org.in પરથી મેળવી શકાશે.

આ અંગે વધુ માહિતી કે માર્ગદર્શનની જરૂર હોય તો ફોન નં. ૯૯૦૪૪૧૨૧૨૬ પર સંપર્ક કરવો અથવા શ્રેયશ એન્ટરપ્રાઈઝ, પ્લોટ નં. ૫૨૧/૨/૧, સેક્ટર-૨૨, ઘ-છ નજીક ગાંધીનગર અને સીડેક કોમ્પ્યુટર એજ્યુકેશન, મેઘમલ્હાર કોમ્પલેક્ષ છઠ્ઠો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે રૂબરૂ સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના નવા પદાધિકારીઓનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા સેક્ટર-૨ પેન્શનર્સ સભ્યો અને વસાહત મંડળ દ્વારા ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના નવા પદાધિકારીઓનો સન્માન સમારંભ તાજેતરમાં સંપન્ન થઈ ગયો.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના નવા વરાયેલા પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિ તેમજ તમામ પદાધિકારીઓને સન્માનવાનો કાર્યક્રમ તાજેતરમાં સેક્ટર-૨ના બગીચા ખાતે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કર્યા બાદ સ્વાગત પ્રવચન ડી.પી. સંઘાણીએ કરેલ હતું. પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિનું સન્માન સંસ્થાના પ્રવર મંત્રી ડી.પી. સંઘાણીએ કરેલ. કાર્યકારી પ્રમુખ કે.જી. ભટ્ટનું સન્માન વસાહત મંડળના પ્રમુખ રાજેન્દ્ર પારેખે કરેલ. મહામંત્રી કે.ઓ. વ્યાસનું સ્વાગત જીતેન્દ્રભાઈ પુરોહિત તેમજ સલાહકાર કે.બી. વ્યાસ અને અન્ય હોદ્દેદારોનું સ્વાગત પેન્શનર્સ સમાજના સભ્યો દ્વારા કરવામાં આવ્યું. સેક્ટર-૨ના પેન્શનર્સ સભ્યોનો એપ્રિલ મહિનામાં જન્મદિન હોય તેવા સભ્યોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિએ પેન્શનર્સ સમાજને મજબુત બનાવવાનો સંકલ્પ જાહેર કર્યો તેમજ દરેક પેન્શનર્સ સભ્યો દ્વારા વધુમાં વધુ સભ્યો પેન્શનર્સ સમાજમાં જોડાય તેવા અપીલ કરવામાં આવી હતી. સંસ્થાના કાર્યકારી પ્રમુખ જે.જી. ભટ્ટે પેન્શનર્સ સમાજની પ્રગતિનો ખ્યાલ આપ્યો હતો. સલાહકારી કે.બી. વ્યાસે પેન્શનર્સ સભ્યોને સંગઠીત બનવા આહવાન કરેલ. આ ઉપરાંત મહામંત્રી કે.ઓ. વ્યાસ તેમજ અન્ય હોદ્દેદારોએ શાબ્દીક પ્રવચન કરેલ. આભારવિધિ જીતેન્દ્રભાઈ પુરોહિતે કરેલ અને દરેક સભ્યોને પેંડા ખવડાવી ગળ્યું મોઢું કરાવેલ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા ડી.પી. સંઘાણી, અમીધર જરદોસ, મંગળદાસ ચૌહાણ, જીતેન્દ્ર પુરોહિત અને વસાહત મંડળના પ્રમુખ રાજેન્દ્ર પારેખે જહેમત ઉપાડી કાર્યક્રમને સફળ બનાવેલ. પ્રાર્થના બાદ કાર્યક્રમ પૂર્ણ થયેલ હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪
સૂર્યાસ્ત : ૬.૫૭

તાપમાન

મહત્તમ : ૪૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૩ ટકા ● સાંજે ૨૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૯.૪૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૨૫
છોટા ભીમ : ૧૨.૩૦, ૫.૩૦

: સ્ક્રીન-૨ :

આશકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦
બોમ્બે ટોકીસ : ૧૨.૧૫, ૫.૩૦, ૧૦.૩૫

: સ્ક્રીન-૩ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

શૂટઆઉટ એટ વડાલા : ૯.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦,
આશીકી-૨ : ૧૨.૦૦

સૂર્યા, વાવોલ

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રીત ઝૂકે નહીં સાથ છૂટે નહીં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

શૂટઆઉટ એટ વડાલા: ૯.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૩૦, ૬.૩૦, ૯.૩૦
આઈરોન મેન-૩ : ૧.૧૫, ૪.૦૦

: સ્ક્રીન-૩ :

આશિકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦
શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૦૦, ૧૦.૩૦

ચિરાગ, કલોલ

ગોરી મેં તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ બની રહ્યા છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. આપને વિરોધીઓ હેરાન-પરેસાન કરી શકે છે.

વૃષભ : મનોકૂળ કાર્ય થવાનો યોગ. વાહન સુખ પ્રાપ્તિનો યોગ. રાજકીય અને સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થઈ શકશે. આપના ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારના કારણે લાભ પ્રાપ્ત થવાની શકયતાઓ છે. વેપાર સારો ચાલશે.

મિથુન : શુભ મંગળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક સમસ્યાઓ પર કાર્ય થઈ શકશે. સંતાનપક્ષ તરફથી શુભ સમાચાર પ્રાપ્ત થશે. મનોરંજન સંબંધી કાર્ય થશે.

કર્ક : ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જ્ઞાન- શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગની ઉપલબ્ધિ.

સિંહ : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ.આર્થિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ મળવાની સંભાવના છે.

કન્યા : વાહન સુખ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાની સંભાવના.

તુલા : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિ થવાની સંભાવના છે. વેપાર, કુટુંબમાં શુભકાર્યો, કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ થઈ શકે છે.

વૃશ્ચિક : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. આવકનાં સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થવાની સંભાવના છે. રોગ, કર્જ સંબંધી કાર્યોમાં લાભ વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

ધન : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. વિશિષ્ટ ખાનપાન પણ થશે. સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે. ભાગ્યવર્ધક કાર્યો સફળ થઈ શકશે. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રા-પ્રવાસ થઈ શકશે.

મકર : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. કાર્ય યોજના પર અમલ કરવો જરૂરી. સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતન થઈ શકશે. શિક્ષા, જ્ઞાન વિશેષ નિર્ણયથી લાભ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

કુંભ : સ્વાધ્યાયમાં રુચિ વધશે. વ્યાપાર- વ્યવસાયમાં ગહન શોધ સંબંધી કાર્યો થશે. કલાત્મક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકશે. ધાર્મિકક્ષેત્રમાં આસ્થા વધશે.

મીન : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવનાઓ છે. કર્મક્ષેત્રમાં ગહન શોધ સંબંધી વિશેષ યોગ બની રહ્યો છે.

ચિરવિદાય

- સ્વ. જશુબા શિવાજી સોલંકી (ઉ.વ. ૮૫) મુ.પો. સોલંકીપુરા, તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. વાલાજી કમાજી ઠાકોર (ઉ.વ. ૫૦) મુ.પો. પાલજ, તા.જિ. ગાંધીનગર.
- સ્વ. ગોવાભાઈ રઘાભાઈ રબારી (ઉ.વ. ૧૦૦) રબારીવાસ , મુ.પો. આદીવાડા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. શંકરસિંહ જેસંઘજી બિહોલા (ઉ.વ. ૫૬) પ્લોટ નં. ૭૬૧/૧, સેકટર-૧૪/સી, ગાંધીનગર.
- સ્વ. ભટ્ટીબેન ભાસીભાઈ રબારી (ઉ.વ. ૫૨) ચેહર નગર, ક-૭ કોર્નર, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. બલભદ્રસિંહ વજેસિંહ વાઘેલા (ઉ.વ. ૩૨) પ્લોટ નં. ૧૫૧૫/૧, સેકટર-૨/એ, ગાંધીનગર.